

## હોળી આવી રે હોળી આવી રે...

વસંતઋતુના આગમન સાથે જ રંગોનો તહેવાર હોળી આવી ગયો છે. ચિલોડામાં હોળીના રંગો, પિચકારીઓ, ધાણી અને પરંપરાગત હાયડાની હાટડીઓ ધમધમી ઉઠી છે. હાલ ચિલોડા પંથકે હોળી મનાવવા વતનની વાટે ઉપડેલા રાજસ્થાની મુસાફરોની ભારે ભીડ જામતી હોવાથી આ હાટડીઓને સારી એવી ઘરાકી મળી રહેવા લાગી છે અને ભીડના કારણે લોકમેળા જેવા દશ્યો સર્જાઈ રહ્યાં છે.

(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

## સેક્ટર-૩માં ભરબપોરે મહિલાનો સોનાનો દોરો ખેંચાયો

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર શહેરના સેક્ટર-૩-એ પ્લોટ નં. ૬૩/૨ ખાતે રહેતી મહિલા સવિતાબેન વાલજીભાઈ સોલંકી આજે બપોરના અરસામાં સે. ૩-એ રીંગ રોડ પર અંબાજી મંદિર સામેના માર્ગ પરથી પસાર થઈ રહી હતી તે દરમ્યાન બ્લેક જેકેટ પહેરીને બ્લેક બાઈક પર આવેલા ચેઈન સ્નેચરે તેણીના ગળામાં હાથ મારીને રૂ. ૨૦ હજારની કિંમતનો એક તોલાનો સોનાનો દોરો આંચકી પલવારમાં ત્યાથી ફરાર થઈ ગયો હતો. સે. ૭ પોલીસે મહિલાની ફરીયાદને આધારે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

## ઉકાળા વિતરણ કાર્યક્રમમાં ફેરફાર

ગાંધીનગર, તા. ૩

ઈન્ડિયન રેડક્રોસ ગાંધીનગર બ્રાન્ચ દ્વારા શહેરમાં ઉકાળાનું વિતરણ કરવામાં આવી રહ્યું છે. તારીખ ૪ માર્ચના સેક્ટર-૫ પ્રેરણા સ્કૂલ અને સે. ૨૨ મહિલા સિવણ ક્લાસ ખાતે ઉકાળા વિતરણ અનિવાર્ય સંજોગોને કારણે રદ કરી બીજા દિવસે તારીખ ૫ માર્ચના રોજ રાખવામાં આવેલ છે. તેમજ શનિવાર તારીખ ૭ માર્ચ સવારે ૧૦ કલાકે અડાલજ શનીસંકુલ ખાતે અને રવિવારે ૮ માર્ચ સવારે ૧૦.૦૦ વાગે સેક્ટર-૩૦ ગુરૂદ્વારા ખાતે ઉકાળાનું વિતરણ કરવામાં આવશે.

## હોળીના દિવસે લિમ્બચ મંદિરે મહાઆરતી

ગાંધીનગર, તા. ૩

શ્રી પ્રેરણા પ્રગતિ મંડળ ગાંધીનગર, ગુજરાત નાયી વાળંદ સમાજ, સેક્ટર-૧૩ શ્રી લિમ્બચ માતાજીના મંદિરે આગામી ૫મી માર્ચ હોળીના દિવસે સાંજે ૬.૦૦ વાગે મહાઆરતી કરવામાં આવશે. મહાઆરતી બાદ મહા પ્રસાદનું વિતરણ કરવામાં આવશે. મહા આરતીમાં દર્શનાર્થીઓને ઉપસ્થિત રહેવા આમંત્રણ આપવામાં આવ્યુ છે.

## ઝુલેલાલ મંદિરે ચાર દિવસ ઉકાળાનું વિતરણ

ગાંધીનગર, તા.૩

સેકટર-૩૦ ઝૂલેલાલ સાંઈબાબા મંદિરે હોળી દહન કરવામાં આવશે. હોલીકા દહન દરમિયાન તા. ૫મી માર્ચથી ૮મી માર્ચ સુધી સ્વાઈન ફલુ પ્રતિરોધક ઉકાળાનું ચાર દિવસ દરમિયાન સવારે ૮ થી ૧૧ કલાક દરમિયાન વિતરણ કરવામાં આવશે. શહેરના નગરજનોને મોટી સંખ્યામાં લાભ લેવા જણાવાયું છે.

# પ્રાંતિજ નવાબાકલપુર પરિવાર પર અગ્નિ આભ ફાટતાં પરિવાર બેસહાય

## કુદરત આગળ સૌ લાચાર પણ પરિવાર મદદની આશાઓ સેવી રહ્યું છે

પ્રાંતિજ, તા. ૩

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના નવાબાકલપુર ગામે એક પટેલ ગરીબ પરિવાર માટે તા. ૨૮-૨-૨૦૧૫ને શનિવારનો દિવસ ક્યારે ન ભુલાય તે દિવસ બની ગયો છે અને ગરીબ પરિવાર સાથે જે કઈ હતુ તે પણ તે દિવસની બનેલ ઘટના પરિવાર પાસેથી બધુ છીનવી લીધું અને માત્ર એક આંખના પલકારામાં આ ગરીબ પરીવાર ખાલી જીવ સિવાય કશું જ બચાવી શક્યો નથી. તે ઘટનામાં બધુ શ્વાહા થઈ જતાં પરિવાર એક સાવ લાચાર નિઃસહાય જેવો બની ગયો છે.

પ્રાંતિજના નવાબાકલપુર ગામે રહેતા પટેલ ઈશ્વરભાઈ મગનભાઈ કે જેવો બાકલપુર ગામમાં વર્ષો પહેલા ભાણેજ તરીકે આવ્યા હતા અને નાની મોટી ખેત મજુરી કરી પોતાના પરિવારનું ભરણ પોષણ કરતાં અને પરીવાર સાથે સુખીથી રહેતા પણ એકજ કુદરતની આંધી તેમના ઘરે આવતા અચાનક માનવ વિકસિત ગેસની બોટલ ફાટતા આગ લાગતા તેમની પાસે જે કાંઈ હતું તે પણ આગમાં જતુ રહ્યું. તેમની ઉપર અગ્નિ આભ ફાટતાં તેવો સાવ લાચાર થઈ ગયા છે અને આગમાં ઘર વખરી સહિત બધુ શ્વાહા થઈ જતાં તેવો પરિવારના સભ્યોના માત્ર જીવ બચાવ્યા સિવાય કશું જ ન રહેતા અને બીજા દિવસે પરિવારને શું ખાવુ, શું કપડા પહેરાવા એક પ્રશ્ન થઈ ગયો હતો. જ્યારે ગામજનો તથા આજુબાજુના ગામના આ પરિવારને મદદે આવ્યું છે ત્યારે હજુ મદદની જરૂર હોવાથી જો કોઈ પણ દાનવીર કે ગુપ્તદાન કરવું હોય તો આ પરિવારને વારે આવી દુખમાં ભાગીદાર તો નથી થઈ શકતુ પણ દાન કરી પરિવાર ઉપર ફાટેલ આ આભમાં સહાય તો જરૂર થઈ શકે છે. જેથી જે કોઈ પણ પરીવાર કે સંસ્થા કે વ્યક્તિઓએ કે દાનવીરોએ ગુપ્તદાન કે દાન કરવું હોય તો તે પ્રાંતિજ તાલુકા પત્રકાર સંઘ જાયન્ટ ગૃપ પ્રાંતિજ, શેઠ પી.એન્ડ. આર. હાઈસ્કૂલના આચાર્ય નવાબાકલપુર પ્રાથમિક શાળા વગેરેનો રૂબરૂ મળી કે પરિવારના દુઃખના ભાગીદાર થઈ શકો છો ત્યારે જ માનવ સેવા એજ પ્રભુસેવાનું સુત્ર સાર્થક થશે.



(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

# ખેડબ્રહ્મામાં ત્રાટકેલા વરસાદથી ખેતી પાકમાં ભારે નુકશાન

ખેડબ્રહ્મા, તા.૩

ખેડબ્રહ્મા પંથકમાં રવિવાર સવારથી જ અષાઢી માહોલ જેવા વાતાવરણ થઈ ગયું હતું અને સાંજના અડધો કલાક વરસેલા વરસાદથી ખેતી પાકોને ભારે દૂધલી ગામે સાંજે કરા સાથે વરસાદ પડયો હતો જયારે ખેડબ્રહ્માના શામભાઈ એસ. પટેલના જણાવ્યા અનુસાર ઘઉંનો મોટા ભાગનો પાક આડો પડી ગયો છે. ખેતી પાકોમાં ઉત્પાદન અને ઉભારો બંને ઓછું થશે. જેના કારણે ખેડૂતોને ભારે નુકશાન થવાની સંભાવનાઓ સેવાઈ રહી છે.



(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

વાતાવરણથી ખેડૂતોમાં ચિંતા પ્રસરી ગઈ હતી. સમી સાંજે ગાજ વીજ સાથે વરસાદ વરસી પડતાં ખેતી પાકોનો સોથ વળી ગયો હતો.

ખેડબ્રહ્મા તાલુકામાં રવિવાર વહેલી સવારથી જ વાદળછાયુ નુકશાન થવાની ભીતિ સેવાઈ રહી છે. કમોસમી વરસાદથી ખેતરોમાંના પાક આડા પડી જવાથી ખેડૂતોને ભારે નુકસાન થવા પામ્યું છે. લાલસિંહકંપાના નટવરભાઈ ડી. પટેલના જણાવ્યા અનુસાર

# સામઢી ગામની અપહ્યૃત સગીરા ભરૂચથી મળી

ડીસા, તા. ૩

ડીસા નજીકના સામઢી ગામની એક ૧૬ વર્ષીય સગીર યુવતીને દામા ગામનો એક યુવક લલચાવી, ફોસલાવી ભગાડી ગયો હતો. જોકે અંદાજીત ૧૬ દિવસની તપાસ અંતે ઈન્ચાર્જ સી.પી.આઈ. આર.એમ. ભદોરિયાએ ભરૂચથી અપહ્યુત યુવતી શોધી કાઢી હતી અને તેને યુવકનાં કબજામાંથી છોડાવી હતી. જેમાં યુવતીએ તેની સાથે આરોપી યુવકે અનેકોવાર મરજી વિરૂદ્ધ બળાત્કાર કર્યાનું નિવેદન આપતા પોલીસે અગાઉની ફરિયાદમાં વધારાની બળાત્કારની કલમનો ઉમેરો કરી તપાસ હાથ ધરેલ છે. આ અંગેની મળતી વિગતો એવી છે કે છોડા દિવસ અગાઉ ડીસા તાલુકાના દામા ગામે રહેતા મહેશભાઈ પુનમચંદ પંચાલે પાલનપુર તાલુકાના સામઢી ગામે રહેતી એક ૧૬ વર્ષીય સગીરાને પોતાની મોહજાળમાં ફસાવી હતી અને લગ્નની લાલચ આપી આ કામાંધ યુકે સગીરાને તેના પિતાના ઘેરથી ભગાડી નાસી છુટ્યો હતો જે કામની ફરિયાદ પીડિત યુવતીના પરિવારે ગઢ પોલીસ મથકે ગત તારીખ ૧૨મી ફેબ્રુઆરી-૨૦૧૫ના રોજ નોંધાવી હતી. જેમાં પોલીસે પ્રથમ અપહરણનો ગુનો નોંધ્યો હતો, જેબા આ કામની તપાસ ડીસા પી.આઈ અને ઈન્ચાર્જ સર્કલ પોલીસ ઈન્સ્પેક્ટર રઘુવરસિંહ ભદોરાયિએ આરંભી હતી અને તપાસ અંતે ભરૂચથી પીડિત યુવતીનો કબજો મેળવ્યો હતો, જો કે પોલીસ જોઈ યુવક ભાગી છૂટ્યો હતો. જે બાદ પોલીસ મથકે આવેલી યુવતીએ તેને ભગાડી જનાર આરોપી મહેશભાઈ પંચાલે તેની મરજી વિરૂદ્ધ અનેકોવાર તેની સાથે બળાત્કાર કર્યો હોવાનું જણાવતા પોલીસે બળાત્કારની કલમનો ઉમેરો કરી ભાગેડુ યુવકની તપાસ હાથ ધરેલ છે.

## શબ્દાવલી - ૫૬૬૦



### આડી ચાવી

૧. આચરવું તે, વર્તણુંક (૪)
૩. મોટું કદ્દાવર (૩)
૪. ચામડીનો એક રોગ (૩)
૬. સરખુ, સમાન (૪)
૯. ઘડીનો સાંઇઠમો ભાગ(૨)
૧૦. પક્ષી, ગ્રહ (૨)
૧૨. કાંડુ, એક ધાતુ (૩)
૧૩. સપ્લીમેન્ટરી, વધારાનું જોડાણ (૪)
૧૭. સોનાના કસનો આંક (૨)
૨૦. જુદુ, વેગળું (૩)
૨૧. મદદ (૨)

### ઊભી ચાવી

૧. ખોરાક, ભોજન (૩)
૨. રખેવાળી કરનાર (૪)
૩. આરામ, વિરામ (૩)
૫. સાધના, યોગ (૨)
૬. પ્રવાસી, પર્યટક (૪)
૭. ઝેર (૨)
૮. પહાડ, પર્વત (૩)
૧૧. જનેતા, જનની (૧)
૧૨. સુરક્ષા માટેનું બખ્તર (૩)
૧૪. રટવું તે (૩)
૧૫. છેતરવું (૨)
૧૬. હક્કનું માંગણુ, લાગો (૨)
૧૮. ઓછું, જરા, થોડું (૨)
૧૯. હાથી, એક માપ (૨)

### શબ્દાવલી ૫૬૫૯ના જવાબ

**આડી ચાવી :-** (૧) વાવડ (૪) ટાવર (૭) સુહાસીની (૧૦) ગુણ (૧૨) પતરાળી (૧૩) પલાણ (૧૪) સાર (૧૬) જવ (૧૭) પરોણાગત (૨૦) નશો (૨૨) ટીપણું (૨૩) ચાકર (૨૪) દ્યુત

**ઊભી ચાવી :-** (૨) વસુ (૩) ડહાપણ (૫) વગ (૬) રણકાર (૮) સીત (૯) નીરાશ (૧૧) ગપસપ (૧૪) સાવન (૧૫) સોગટી (૧૮) રોનક (૧૯) તપસ્વી (૨૧) શોણિત

## કર્મચારીઓની ઘટ

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

છે. એટલે કે જિલ્લા પોલીસનું ૧૩૫૮ નું મહેકમ મંજુર થયેલું છે. જેપૈકી વિવિધ સંવર્ગની ૨૮૨ જગ્યા હજુ પણ ખાલી છે. ૭ બીએસઆઈ, ૮ એએસઆઈ, ૧૧૭ હેડ કોન્સ્ટેબલ અને ૧૫૦ કોન્સ્ટેબલની હજુ ગાંધીનગર જિલ્લામાં ઘટ છે. જે ભરતી કેલેન્ડર મુજબ કોન્સ્ટેબ્યુલરીમાં સીધી ભરતીની પ્રક્રિયા હાલ ચાલી રહી છે અને વહીવટી જરુરીયાત અને અનુકુળતા અનુસાર વહીવટી પ્રક્રિયા અનુસરીને સમયાંતરે ખાલી જગ્યાઓ ભરવાની કાર્યવાહી કરવામાં આવે છે તેમ સરકારે પ્રત્યુત્તર આપ્યો હતો.

## ફિક્સ પગારમાં... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પૂર્ણ કરી છે? અને તે પૈકી કેટલાં કર્મચારીઓનો નિયમિત પગાર ધોરણમાં ૧ ફેબ્રુઆરી ૨૦૧૫ની સ્થિતિએ સમાવેશ થયેલ નથી? ૧૮૪ લોકરક્ષકો પૈકી ૧૧૨ એટલે કે ૬૦.૮૬ ટકા લોકરક્ષકોને હજુ ફિકસ પગારમાંથી નિયમિત પગારમાં મુકવામાં આવ્યા નથી. સરકારનાં નિયમોનુસાર માન્ય સંસ્થામાંથી કોમ્પ્યુટર કૌશલ્યની સીસીસીની પરીક્ષા પાસ કરી ન હોવાથી ૧૧૨ લોકરક્ષકોને હજુ ફિકસમાં રાખવામાં આવ્યા હોવાનું સરકાર કહે છે.

## હોલ ટિકિટ સાથે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

દરેક જિલ્લા શિક્ષણાધિકારીઓને આપવામાં આવેલ છે. સ્વાઈન ફલુના રોગનાં લક્ષણો જે વિદ્યાર્થીમાં જણાય જેવા કે શરદી, ખાંસી અને ગળામાં દુખાવો, ભારે તાવ, શરીર તૂટયું, નબળાઈ, ઝાડા ઉલટી થવા, શ્વાંસ ચડવો જેવા ન્યુમોનિયાના લક્ષણો જણાઈ આવે તેવા સંજોગોમાં વિદ્યાર્થીઓ અને વાલીઓએ ગભરાટ નહીં અનુભવતા સાવચેતી પૂર્વક સારવાર લેવી અને વિદ્યાર્થીઓને માનસિક તનાવ ઉભો ન થાય. તેવું વાતાવરણ ઉભુ કરવું આવશ્યક છે પરીક્ષાના દિવસે સ્વાઈન ફલુના લક્ષણો ધરવાતા વિદ્યાર્થીઓએ-શિક્ષકોઓએ ફરીજિયાત પણે માસ્ક પહેરવાનો આગ્રહ રાખવો જેથી રોગને વધુ પ્રસરતો અટકાવી શકાય જિલ્લા સ્તરે જિલ્લા શિક્ષણાધિકારી અને જિલ્લા આરોગ્યતંત્ર એ સાથે મળીને સ્વાઈન ફલુના રોગના પ્રતિકાર માટે વિદ્યાર્થીઓ શુધ્ધ વાતાવરણમાં અને સારા આરોગ્ય સાથે પરિક્ષા આપે તેવી વ્યવસ્થા ઉભી કરવાના પગલા લેવા જરૂરી સૂચનાઓ આપવામાં આવેલ છે.

# ખેડૂતોના કૃષિ ધિરાણ સંપૂર્ણ માફ કરવા માંગણી

## પોષણક્ષમ ભાવોના અભાવે અને માવઠાના મારથી ખેડૂતોની સ્થિતિ કફોડી બની

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર જિલ્લા સહિત સમગ્ર ગુજરાત રાજ્યમાં ખેડૂતોને કપાસ, મગફળ, ગવાર અને બટાટામાં પોષણક્ષમ ભાવો ન મળતા મોટુ નુકશાન સહન કરવુ પડી રહ્યું હતું. એમાં તાજેતરમાં થયેલા કમોસમી વરસાદના કારણે ખેડૂતો માટે 'પડ્યા ઉપર પાટુ' જેવી સ્થિતિ સર્જાવા પામી છે. આ સ્થિતિના પગલે ગુજરાત ખેડૂત હિત રક્ષક મંડળ દ્વારા રાજ્યના ખેડૂતોનું કૃષિ ધિરાણ સંપૂર્ણ માફ કરવા માંગ કરવામાં આવી છે. રાજ્યમાં રવિ સીઝનના પાકો જેવા કે જીરૂ, ધાણા, વરિયાળી, ઘઉં, રાઈ, તમાકુ, ચણા વગેરેમાં પણ ખેડૂતોને લગભગ ૮૦ ટકા નુકસાન થયેલ છે. તેથી ખેડૂતોમાં આપઘાત કરવો પડે તેવી પરિસ્થિતિનું નિર્માણ થયું છે તેવું હિતરક્ષક મંડળનું માનવું છે. આ પરિસ્થિતિમાં રાજ્યના તમામ ખેડૂતોનું કૃષિ ધિરાણ સંપૂર્ણ માફ કરવા ખેડૂત હિતરક્ષક મંડળ દ્વારા રાજ્યના નાણાંમંત્રી સૌરભ પટેલ સમક્ષ રાવ નાંખી છે.

# પાલનપુરમાં હરિભાઈ ચૌધરી અને ગણપતભાઈ જોષીનો અભિવાદન કાર્યક્રમ યોજાયો

પાલનપુર, તા.૩

પાલનપુર ખાતે કલ્યાણ તંત્ર ભવન સભાગૃહમાં મુંબઈ, સુરત, અમદાવાદ, જયપુરથી પધારેલ જૈન શ્રષ્ઠીઓ દ્વારા કેન્દ્રીય ગૃહ મંત્રી હરીભાઈ પી. ચૌધરી તેમજ યાત્રાધામ કિસ બોર્ડના ડીરેકટર ગણપતભાઈ જોષીનો અભિવાદન સમારંભ ૧લી માર્ચે યોજાયો હતો.

આ અભિવાદન સમારંભનું આયોજન જૈન પત્રીકા દેવદત્તના સંપાદક રમેશભાઈ જૈન દ્વારા કરાયું હતું. આ પ્રસંગે આસોપાલવ ગૃપના વાઘજીભાઈ વોરા, ફોનગ્રોથ કો.ઓ. બેંક જયપુરના એમ.ડી. એ.કે. શાહ રાજેન્દ્રભાઈ ડી. જોષી, મુંબઈના શ્રેષ્ઠી શ્રી અનિલજી, શ્રી જુગરાજજી જૈન વિગેરેએ પ્રાસંગિક પ્રવચનો કરી બંને મહાનુભાવોની નિયુકિતને બિરદાવી હતી.



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

આ પ્રસંગે ઉપસ્થિત પૂ. નિર્મલપુરીજીએ મંગલા ચરણ અને કુ. દીપ્તી પુરોહિતે ગણેશ વંદનાની નૃત્ય પ્રસ્તુતિ કરી હતી. સન્માનનો પ્રતિભાવ આપતા ગણપતભાઈ જોષીએ બનાસકાંઠાના યાત્રા સ્થળોના વિકાસ માટે કાર્યરત થવાનીખાત્રી આપી હતી.

કેન્દ્રીય ગૃહરાજયમંત્રી હરીભાઈ ચૌધરીએ બનાસકાંઠાના વિકાસ વિશેષ કહીને ઉચ્ચ શૈક્ષણિક સ્પર્ધાત્મક પરીક્ષાના અભ્યાસક્રમની કોલેજ જૂનથી શરુ કરવાની જાહેરાત કરી હતી. અને સન્માન બદલ આભાર માન્યો હતો. આ પ્રસંગે રમેશભાઈ જૈને આગામી દિવસોમાં વાયબ્રન્ટ બનાસકાંઠા યોજી ખેતી આધારીત ઉદ્યોગો માટે જૈન શ્રેષ્ઠીઓને આમંત્રણ આપવાની જાહેરાત કરી હતી.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન હસમુખભાઈ વેદલીયાએ કર્યું હતું. આ પ્રસંગે વિશાળ સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યા હતાં.

## ચિખલી ગામમાં જમીનની તકરારમાં ફરીયાદ

ખેડબ્રહ્મા, તા.૩

ખેડબ્રહ્માના ચિખલી ગામમાં જમીનના ઝગડામાં મામલો બિચકતા એક મહિલને છૂટા પથ્થર તથા લાકડીથી ઈજા પહોંચાડવાના બનાવના સંદર્ભે ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં પાંચ ઈસમો વિરૂધ્ધ ગુન્હો નોંધાવા પામ્યો છે. ખેડબ્રહ્માના પેટા પરા ચિખલી ગામમાં રવિવારે સાંજના સુમારે ભરાર રાજુભાઈ પુંજાભાઈ સામે જમીન બાબતે ઝઘડો થયો હતો. સામસામી બોલાચાલીમાં ઝઘડો ઉગ્ર થતાં નવલીબેન ભરાલને ગુલાબભાઈ કેશાભાઈ ભરાલ તથા અન્ય ચાર ઈસમોએ બિભત્સ ગાળો બોલી છૂટા પથ્થર મારી લાકડીઓથી ઈજાઓ પહોંચાડી હતી. આ અંગે ચિખલીના રાજુભાઈ પુજાભાઈ ભરારે તેજ ગામના ગુલાબભાઈ કેશભાઈ ભરાર, કેશાભાઈ લાડુભાઈ ભરાર, અનિલભાઈ કેશાભાઈ ભરાર, જમનાબેન કેશાભાઈ ભરાર તથા અજમેલભાઈ કેશાભાઈ ભરાર વિરૂધ્ધ ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવતા પોલીસે ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

## પાટા બાંધીને... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઓળખી શકે છે, આકારો ઓળખી શકે છે, સમાચાર પત્ર-પુસ્તકો વાંચી શકે છે, દાખલા ગણી શકે છે, પઝલ્સ ઉકેલી શકે છે, ચેસ જેવી રમતો રમી શકે છે, ચલણી નોટ અને તેના નંબર ઓળખી શકે છે. એટલુ જ નહિ તે સાયકલ પણ ચલાવી શકે છે. આ ટેકનિકથી બાળકની પાંચેય ઈન્દ્રિય જેમ કે આંખ, કાન, નાક, જીભ અને સ્પર્શ (ચામડી)ની એટલી હદે ક્ષમતા વધારી શકે છે કે તે બંધ આંખે તમામ કાર્યો કરી શકે છે.

ગાંધીનગરના સરગાસણ ચાર રસ્તા પાસે સિદ્ધરાજ ઝ્વોડ કોમ્પલેક્ષમાં આઈડલ બ્રેઈન મેનેજમેન્ટ સંસ્થા દ્વારા નગરમાં પ્રથમવાર આ ટેકનિકની તાલીમ આપવાનું ચાલુ કરાયું છે. વિશ્વના અનેક દેશોમાં પ્રચલિત થયેલ આ તાલીમ હવે નગરના આંગણે મળતા અનેક બાળકો હવે આ તાલીમનો લાભ લઈ શકશે. આજે ગાંધીનગર સમાચારના કાર્યાલય ખાતે આ સંસ્થામાં તાલીમ પામેલ ત્રણ બાળકો જેમાં ધો. ૩ માં ભણતા માધુર્યમ ધુલેરા, ધો. ૮માં અભ્યાસ કરતા ઓણ શાહ અને માનસ વૈદ્ય દ્વારા આ ટેકનિકનું લાઈવ પ્રદર્શન કરાયું હતું. અને બંધ આંખે બાળકોએ અખબાર વાંચવા, વિવિધ કાર્ડસ ઓળખવા કે અન્ય વ્યક્તિ દ્વારા દર્શાવાયેલ રંગો, ચીજોને આંખે પાટા બાંધીને ઓળખી બતાવી હતી.

## ગુડા વિસ્તારમાં... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કામોને અગ્રતા આપવાનું પણ જણાવાયું હતું. પીવાના પાણી, ભૂગર્ભ ગટર વ્યવસ્થા, રોડ નેટવર્ક સહીતના લોક ઉપયોગી કામો હાથ ધરી વિકાસના નવા આયામોની નેમ તેમણે દાખવી હતી. ગુડાના ચેરમેન પદે આરૂઢ થયેલા આશિષ દવેને પૂર્વ ચેરમેન અશોક ભાવસાર, વાડીભાઈ પટેલ, મેયર મહેન્દ્રસિંહ રાણા, જિલ્લા પંચાયતના પ્રમુખ હીનાબેન પટેલ, આદિજાતિ વિકાસ નિગમના રમિલાબેન બારા, જિલ્લા ભાજપ અધ્યક્ષ નૌલેષ શાહ, મહાનગર ભાજપના પ્રમુખ નીતિન પટેલ, રૂચિર ભટ્ટ, કેતન પટેલ, પદ્મસિંહ ચૌહાણ, એડવોકેટ નિલેશ પંડયા ઉપરાંત બ્રહ્મસમાજના અગ્રણીઓએ તેમને શુભેચ્છાઓ પાઠવી હતી. ભાજપ પક્ષના આગેવાનો અને કાર્યકરોએ પણ ગુલદસ્તા આપી તેમની નિમણુંકને બિરદાવી શુભેચ્છા પાઠવી હતી.

## અલગ તંત્ર ગોઠવવા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ પ્રશ્ન પર પૂરક પ્રશ્ન રજુ કરતાં ભાજપના શ્રી અશોક પટેલ ગાંધીનગરમાં ભરતીની પ્રક્રિયા ચાલુ છે કે કેમ અને હોય સંવર્ગવાર કેટલી તો જગ્યાઓ ભરવાની થાય છે. રાજ્ય ગૃહમંત્રી શ્રી રજનીભાઈ પટેલે જણાવ્યું હતું કે રાજ્યમાં જુદા જુદા સંવર્ગની ૮ હજાર જેટલી જગ્યાઓની ભરતી પ્રક્રિયા ચાલુ છે અને તે પૂર્ણ થયેથી સપ્રમાણ જિલ્લાઓને ફાળવવામાં આવે છે.

કોંગ્રેસના દંડકશ્રી બલવંતસિંહ રાજપૂતે ૨૮૨ જેટલી જગ્યા ખાલી હોઈ જિલ્લામાં ક્રાઈમ રેટ કેટલો વધ્યો તેવો અણિયારો સવાલ કર્યો હતો. રાજ્ય ગૃહમંત્રીશ્રીએ જણાવ્યુ હતુ કે જિલ્લામાં ક્રાઈમ રેટ વધ્યો નથી. ભાજપના શ્રી શંભુજી ઠાકોરે છેલ્લા ૧૦ વર્ષમાં કરાયેલી ભરતી અંગે પુછેલા એક પૂરક પ્રશ્નના ઉત્તરમાં રાજ્ય ગૃહમંત્રીશ્રીએ જણાવ્યુ હતુ કે ૩૬,૯૭૯ પોલીસ કર્મચારી અધિકારીની ભરતી કરવામાં આવી છે.

કોંગીના શ્રી શક્તિસિંહ ગોહિલે રાજ્ય ગૃહમંત્રીના દસ વર્ષીય ભરતી કેલેન્ડરનો ઉલ્લેખ કરી જણાવ્યું હતું કે આ કેલેન્ડર દરમ્યાન નિવૃત્ત થતા કર્મચારીઓ સાથે કેવી રીતે સંતુલન બનાવશો ? રાજ્ય ગૃહમંત્રીશ્રીએ જણાવ્યુ હતુ કે બજેટમાં વધુ ને વધુ પોલીસ કર્મીઓની ભરતી થાય તેવી જોગવાઈ કરાઈ છે અને બનતી ત્વરાએ વધુ ભરતી માટેનો અમારો પ્રયાસ છે.

## ટેન્ડર નિવિદા

ઉપાધ્યક્ષ અને મુખ્ય કારોબારી અધિકારી, ગુજરાત મેરીટાઈમ બોર્ડ, એરફોર્સ સ્ટેશન સામે, સેક્ટર નં. ૧૦-એ, ગાંધીનગર-૩૮૨૦૧૦ની કચેરી માટે ૧૦ નંગ **કેનન અને પાનાસોનિક ફેક્સ મશીનના** ગાંધીનગરની કચેરીઓ માટે એ.એમ.સી. આપવાનો તથા તેની કન્ઝ્યુમેબલ આઈટમ વાર્ષિક ધોરણે ખરીદવા માટે આ અંગેના ડીલર કે એમ્પાવર્ડ પાર્ટનર અથવા આ પ્રકારનો વ્યવસાય કરતી અનુભવી અને સેલટેક્ષ નંબર ધરાવતી પાર્ટીઓ પાસેથી અંદાજીત રૂપિયા ૨,૩૦,૦૦૦/- (બે લાખ ત્રીસ હજાર)ની કિંમતના એ.એમ.સી. અને કન્ઝ્યુમેબલ ખરીદવાના ટેન્ડર મંગાવવામાં આવે છે. નિયત થયેલ કોરા ટેન્ડર ફોર્મ તા. ૧૨/૩/૨૦૧૫ થી તા. ૧૯/૩/૨૦૧૫ સુધી કચેરી સમય દરમિયાન આ કચેરીની સ્ટોર શાખા (ભોયરામાં) ખાતે રૂ. ૬૦૦/- ટેન્ડર ફી રોકડા જમા કરાવ્યેથી મળશે. તેમજ ટેન્ડર અંગેની વિગતો / સ્પેશીફિકેશન / શરતો બોર્ડની વેબસાઈટ **www.gmbports.org** પરથી જોઈ શકાશે. અર્નેસ્ટમની રૂ. ૨,૦૦૦/- ડી.ડી. / એફ.ડી.આર.થી ભરવાની રહેશે. ટેન્ડર ફી / અર્નેસ્ટમનીની મુક્તિ માટે સક્ષમ અધિકારીનું છેલ્લું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. ભરેલ ટેન્ડર તા. ૩૦/૩/૨૦૧૫ના ૧૭.૦૦ વાગ્યા સુધીમાં મળે તે રીતે ભાવો રજી.એ.ડી. / સ્પીડ પોસ્ટથી મોકલી આપવાના રહેશે. ભરેલ ટેન્ડર શક્ય હશે તો તા. ૩/૪/૨૦૧૫ના રોજ ૧૬.૦૦ કલાકે ખોલવામાં આવશે.

**માહિતી/૨૫૩૭/૨૦૧૪-૧૫**